ડીસામાં ચોરીઓનો સીલસીલો યથાવત શાંતિનગર સોસાયટીમાં બે લાખની ચોરી

ડીસા, તા. ૧૮

ડીસા શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અજાણી તસ્કર ટોળકીએ તરખાટ મચાવેલ છે. અજાણ્યા તસ્કરોએ શહેરને બાનમાં લઈ પોલીસની નિષ્ક્રિયતાનો ફાયદો ઉઠાવી શહેરમાં વિવિધ જગ્યાઓએ અનેક ઘરફોડ ચોરીઓ કરતા શહેરીજનોએ પોતાની કરોડોની મતા ગુમાવેલ છે. સમગ્ર જીલ્લામાં ઘરફોડ ચોરીઓમાં અગ્રેસર બનેલ ડીસા પંથકમાં તસ્કરોનો ચોરીનો સીલસીલો યથાવત રહેતા આજે ધોળે દિવસે બેફામ બનેલ તસ્કરોએ ડીસા શહેર પોલીસની આંખમાં ધુળ નાખી બપોરના સમયે શાંતીનગર વિસ્તારમાં તસ્કરી કરી હતી. અને બંધ

મકાનમાંથી ધુસણખોરી કરી પોણા બે લાખના દાગીના અને પચીસ હજાર રૂપીયા રોકડ સહીત કુલ બે લાખની મતાની ચોરી કરતા શહેર ભરમાં અજાણ્યા તસકોનો ભય ફેલયો છે.

આ મામલે ડીસા શહેર પોલીસે અજાણ્યા તસ્કો વીરૂધ્ધ ચોરી નો ગુનો દાખલ કરી ડોગ સ્કોર્ડ અને એફ.એસ.એલ ની મદદથી જીણવટ ભરી તપાસ હાથ ધરેલ છે. જેની વિગતો જોઈએ તો ડીસા શહેરમાં આવેલ શાંતીનગર સોસાયટીમાં ટ્રક ચાલક મહંમદભાઈ અમીરમીયા સૈયદ પરીવાર સાથે રહેતા હતા. જેઓની પત્નિ આજે બપોરના સમયે મુનેરાબેન મહંમદભાઈ સૈયદ લાઈટ બીલ ભરવા મકાન બંધ કરી ગયા હતા. તેવા સમયે જ ઘાત લગાવી બેઠેલા અજાણ્યા તસ્કરોએ મકાનના પાછળથી બાથરૂમની બારી તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. અને મકાનમાં પડેલ પેટી નુ તાળુ તોડયું હતું. આ પેટીમાં સોના - ચાંદીના પોણા બે લાખના દાગીના તેમજ પચીસ હજાર રોકડા પડેલ હોઈ તસ્કરોએ આ બે લાખના મુદામાલની ચોરી કરી હતી. ચોરી કરી અજાણ્યા તસ્કરો આબાદ રીતે ફરાર થઈ ગયા હતા. જો કે તે બાદ મુનેરાબેન સૈયદ વીજબીલ ભરી પરત ઘરે આવતા ઘરમાં પડેલી પેટી નુ તાળુ તુટેલુ હતુ અને પેટીમાં પડેલા ઘરેણા તેમજ રોકડ રકમ ગાયબ થયેલ હોઈ આ મામલે તેઓએ પોતાના પતી ને જાણ કરી હતી. ધોળે દિવસે થયેલ આ ચોરીની ફરીયાદ શહેર પોલીસ દફતરે જાહેર થતા શહેર પી.આઈ.બી.એલ.પાટીલ અને તેમની ટીમ ઘટના સ્થળે પહોચી હતી. આ ચોરી મામલે શહેર પોલીસે એફ.એસ.એલ ની ટીમ તેમજ ડોગ સ્કોર્ડ ની ટીમ ની મદદથી અજાણ્યા તસ્કરોને ઝડપવા કવાયત હાથ ધરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેર વિસ્તાર માં દીન "તીદીન થતી અનેકો ચોરીની ઘટનાઓથી શહેરીજનોમાં ભય ફેલાયો છે. વળી શહેર પી.આઈ-બી.એલ.પાટીલ અને તેમની ટીમને તસ્કર ટોળકી તેમજ થતી ચોરીઓ ડીટેક કરવામાં જાજો રસ દેખાતો નહોઈ શહેર પોલીસની કામગીરી ઘરફોડ ચોરીઓ અને ચીલ ઝડપના બનાવોથી ભારે શંકાસ્પદ બનેલ છે. અજાણ્યા તસ્કરોએ રાત્રી ચોરી બાદ હવે ધોળે દિવસે પણ હાથનો તસબ અજમાવી લાખોની ચોરીઓને અંજામ આપતા શહેર પોલીસ ની કામગીરીથી શહેરીજનોમાં ભારે અસંતો"ા ફેલાયો છે. અનેક મામલે ઢીલા પુરવાર થતા શહેર પી.આઈ.બી.એલ.પાટીલની જગ્યાએ ક્રાઈમ ડીટેક કરી શકે તેવા અધીકારીની શહેરને હાલના તબ્બકે તાતી જરૂરીયાત હોઈ જીલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ ડીસા શહેરમાં યોગ્ય અધીકારી ની તાત્કાલીક નીમણુંક કરે તેવી પણ "જામાંથી માંગ ઉઠેલ છે.

વેપારી મથક ડીસા ખાતે સ્ટોપેજ મળ્યા બાદ આજે સવારે ૧૧.૩૬ કલાકે પ્રથમવાર દાદર - ભૂજ (મુંબઈ) એક્સપ્રેસ ટ્રેન રોકાઈ હતી. જેથી ખુશ્ખુશાલ ડીસાવાસીઓ દ્વારા ટ્રેનના વધામણાં કરાયા હતા.

જિલ્લાની આર્થિક પાટનગરી ગણાતા ડીસા પ્રત્યે રેલ્વે તંત્રના ઓરમાયા વલણના વિરોધમાં વિવિધ સંગઠનોના હોદ્દેદારો, રાજકીય આગેવાનો અને જાગૃત નાગરિકોએ સફળ લડત ચલાવી હતી. જેના પગલે દાદર - ભૂજનું સ્ટોપેજ ફાળવતા મુંબઈની ટ્રેનનું વર્ષો જુનું સ્વપ્ન સાકાર થયું છે. આ ટ્રેન મુંબઈ જવા માટે દર ગુરૂવાર અને સોમવારે રાત્રે ૧૧.૧૫ કલાકે રોકાશે. જયારે મુંબઈથી પરત દર બુધવાર અને શનિવારે સવારે ૧૧.૩૬ ક. ડીસા આવશે. ડીસાવાસીઓ આ ટ્રેનનો ફાયદો ઉઠાવે તો શહેરની ટ્રેનની વધુ સવલતો મળી શકે છે.

ડીસા શહેર ભાજપ ના હોદેદારો ચેમ્બર્સ ઓફ કોમર્સના હોદેદારો અને નગરજનો સામાજીક સંસ્થાના હોદેદારો તેમજ રેલ્વેના કર્મચારીઓ ઉપસ્થિત રહી ઢોલ-નગારા અને ફુલહાર તેમજ પેડાનુ વીતરણ કરી મોં મીઠુ કરી ટ્રેનના વધામણા કર્યા હતા. આ ટ્રેનને ડીસા રેલ્વે સ્ટેશન પર ૬ મહીના માટે. સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્ટોપેજ દરમ્યાન પેસેજરોનો ચલણ વધુ રહેશે તો આ સ્ટોપેજ કાયમી ખાતે રાખવામાં આવશે તેવુ રેલ્વેના કર્મચારીએ જણાવ્યું હતું.

આવતીકાલથી દશામાના વ્રતનો શુભારંભ.....

આવતીકાલે ગુરૂવારથી દુ:ખીયાઓના દુ:ખ હરનારી મા દશામાના વ્રતનો શુભારંભ થઈ રહ્યો છે. જેને લઈને વ્રતધારી ભાઈબહેનોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. બનાસકાંઠા સહીત ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતનો મહીમા વધી પડયો છે. તેથી વ્રત નજીક આવતા જ શહેરી વિસ્તારોમાં માતાજીની વિવિધ મુદ્રાઓવાળી મૂર્તિઓ નજરે પડવા લાગી છે. જો કે પ્રતિબંધ હોવા છતાં આ વખતે પણ 'પ્લાસ્ટર ઓફ પેરીસ' ની મૂર્તિઓ ડબલ ભાવે વેચાઈ રહી છે. ભાવ બાબતે કારીગરોએ જણાવ્યું હતું કે, સીમેન્ટ અને માટીના ભાવો ઉંચકાયા છે તેથી ભાવ વધારાયા છે. હાલમાં ખાસ કરીને મહિલાઓ માતાજીની મૂર્તિઓ ખરીદવા લાગી છે.

વ્રતધારી મહિલાઓ ઘરે માતાજીની મૂર્તિની સ્થાપના કરી દસ દિવસ ઉપવાસ રાખી માતાજીની પૂજાઅર્ચ 'ના કરશે. વ્રતને લઈ પંથકમાં આવેલા દશામાતાના મંદિરો રોશનીથી શણગારવામાં આવ્યા છે. વ્રત નજીક આવતાં જ વ્રતધારીઓમાં આનંદની લાગણી છવાઈ છે. ડીસાના રેલ્વે સ્ટેશન ખાતે આવેલ દશામા મંદિરના પુજારી હંસાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આવતીકાલે અષાઢી અમાસને તા.૧૯-૭-૧૨ ને ગુરૂવારથી વ્રતનો પ્રારંભ થશે અને ઘરે સવારે ૬ થી ૭.૩૦ ક. દરમ્યાન માતાજીની સ્થાપના કરી શકાશે. જયારે રાત્રી જાગરણ આગામી તા.૨૮-૭-૧૨ને શનિવારના રોજ થશે.

પાલનપુર સિવિલમાં પ્રાથમિક સુવિધા બાબતે ફરિયાદ

પાલનપુર, તા.૧૮

પાલનપુર સિવિલમાં દિન-પ્રતિદિન ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો છે. પ્રાથમિક સુવિધાઓ તથા તબીબોના સ્ટાફના ઘર હોવાના કારણે ભારે તકલીફ થવા પામે છે. છતાં સત્તા પર બેઠેલાઓ આંખ આડા કાન કરીને મનસ્વીપણે કાર્ય કરી રહ્યા છે. જેમાં ફીટનેશ સર્ટી કાઢવામાં વ્યસ્ત રહેવાના કારણે સિવીલ અનેક સુવિધાઓથી વંચિત થવા પામ્યું છે. જિલ્લા આરોગ્ય અધિકારી ન્યાયિક તપાસ કરાવીને સુવિધાથી સજ્જ સિવીલ બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુર સિવીલમાં ફીટનેશ સર્ટી કઢાવવા આવનારનો મેળો જામે છે. આ સર્ટી. સિવિલ સર્જન તથા આંખના સર્જન દ્વારા દાખલા આપવામાં આવે છે. જે દાખલાની કાયદેસરની ફી ૬૬ રૂ. લેવામાં આવે છે. જેમાં ૫૦ રૂ.ની રોગી કલ્યાણ

સમિતિની પાવતી અપાય છે. જયારે ૧૬ રૂ. અન્ય સરકારી પાવતી અપાય છે. જે કાયદેસર એક ફીટનેશ સર્ટીના અપાય છે. જયારે અંતરિયાળ વિસ્તારમાંથી ફીટનેસ સર્ટી. લેનાર વ્યકિતએ જણાવેલ સાહેબની ચેમ્બર તેમજ સિવીલ કંમ્પાઉન્ડમાં ફરતા વ્યકિતઓ દ્વારા સર્ટી. કાઢી આપવાનું કૌભાંડ ચાલે છે. જેમાં આ માણસો સર્ટી પેટે ૪૦૦ રૂ.ની માંગણી કરે છે. આ દલાલો જણાવે છે કે ૧૦૦ રૂ. સાહેબના, ૧૦૦ આઈ સર્જનના તથા ૧૫૦ રૂ. સર્જનની ઉપર આવેલ ઓફીસના તથા ફીકસ પગારદારને નંબર પડાવવાના આપવા પડે છે. ૬૬રૂ.ની કાયદેસરની પાવતી જયારે ૮૪રૂ. અમે દલાલી પેટે લઈએ છીએ. આમ આ રીતે ફીટનેસ સર્ટી કાઢી આપવામાં આવે છે.

આમ ફીટનેસ સર્ટીમાં આચરાતા ભ્રષ્ટાચારની ચર્ચાઓ સિવિલ કમ્પાઉન્ડ તેમજ સ્ટાફ માં પણ થવા લાગી છે. સર્ટી આપવામાં સત્તાધીશો જમવાનો પણ સમય નથી જોતા. રાત્રીના સમય થવા છતાં પણ સર્ટી આપવામાં વ્યસ્ત રહે છે. જેના કારણે સીવીલમાં જરૂરીયાત વસ્તુ પર ધ્યાન અપાતું નથી જેના લીધે દર્દીઓ હાલાકી ભોગવી રહ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા આરોગ્ય મંત્રી ઉપરોકત બાબતની ન્યાયિક તપાસ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે. ફીટનેસ સર્ટીમાં લુંટાતા લોકોનું ફીટનેસ બગડવા પામે છે.

ડીસા ભોપાનગર વિસ્તારમાં ડીસાથી પાટણ જતા મુખ્ય હાઈ-વે પર અકસ્માત

ડીસાના ભોપાનગર વીસ્તારમાં ડીસાથી પાટણ જતા મુખ્ય હાઈ-વે રોડ ઓટોરીક્ષા અને ટ્રક વચ્ચે રાત્રીના સમયે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રક ચાલક નંબર-જી.જે.૧૮.ટી.-૪૮૨ ના ચાલકે પોતાની ટ્રક ગફલત ભરી રીતે હંકારી રોડ પર ચાલતી ઓટો રીક્ષા નંબર -જી.જે.૮-ટુ.૯૭૬૨ ને જોરદાર ટકકર મારતા ઓટો રીક્ષાના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. અને ઓટો રીક્ષામાં સવાર ચાલક રાકેશભાઈ રાણજી માજીરાણા ઉમર વર્ષ-૨૨ રહે.રેલ્વેસ્ટેશન વાળાઓને ગંભીર પ્રકારની ઈજાઓ થતા તેઓને તાત્કાલીક સ્થાનીકોએ રાહત અને મદદ પહોચાડી ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે ખસેડયો હતો. જયાં તેની તબીયત નાજુક બનતા વધુ સારવાર અર્થે ઘાયલ આ રીક્ષા ચાલકે ખાનગી હોસ્પીટલ રાજસ્થાન ખાતે ખસેડાયો હતો. આ અકસ્માત "થમીક દ્રષ્ટીએ આ વિસ્તારમાં આવેલ ઉબડ ખાબડ માર્ગો અને પાલીકાએ તાજેતરમાં મથરગતીએ કરેલા રોડ કામોથી અને પડી ગયેલ ખાડોઓથી થયેલ હોવાનુ સ્થાનીક રહીશોએ જણાવ્યુંહતું. આ મામલે નગરપાલીકાની નિષ્ક્રિયતા સામે બળાતો કાઢતા સ્થાનીકોએ જણાવ્યું હતું કે આ અકસ્માતો ઉબડ ખાબડ રસ્તાઓથી જ થાય છે.

પ્રાંતિજ નગરપાલિકા
જાહેર નિવિદા

અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવાની અમૂલ્ય તક

આથી પ્રાંતિજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ વિસ્તારનાં સર્વ રહીશો, નાગરિકો, મિલ્કત ધારક, બિલ્ડર્સ, એન્જિનિયર્સ, કોન્ટ્રાક્ટર્સ, કબજેદારને આથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ગાંધીનગરના નોટીફિકેશન નં. (૧) જી.એચ. / વી/ ૧૫ ઓફ ૨૦૧૨ / પી.આર.સી. - ૧૦૨૦૧૧-૭૪૭-એલ (૨) જી.એચ. / વી / ૧૬ ઓફ ૨૦૧૧ / પી.આર.સી. - ૧૦૨૦૧૧-૫૩૧૯-એલ. (૩) જી.એચ. / વી / ૧૭ ઓફ ૨૦૧૨ / પી.આર.સી. - ૧૦૨૦૧૧-૫૩૧૯-એલ. (૪) જી.એચ. / વી / ૧૮ ઓફ ૨૦૧૨ / પી.આર.સી.-૧૦૨૦૧૧-૫૩૧૯-એલ. તા. ૧૮/૨/૨૦૧૨ના અલગ અલગ નોટીફિકેશનથી અનઅધિકૃત બાંધકામને નિયમબદ્ધ કરવા બાબતના અધિનિયમ-૨૦૧૧ પરત્વે ઈમ્પેક્ટનો કાયદો પ્રસિદ્ધ થયેલ હોય જે કાયદાની વિગતે અનઅધિકૃત ગેર કાયદેસર બાંધકામોને નિયત થયેલ જોગવાઈઓને આધિન કાયદેસર કરવા અંગે નિયત કરેલ નમુનામાં વિગતવાર અરજી જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે નોટીફિકેશનની તા. ૧૮/૨/૨૦૧૨ થી ૬ (છ) માસની સમયમર્યાદામાં અત્રેની કચેરીને કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા આપેલ સમય મર્યાદા બહાર તેમજ અધુરી વિગતો વાળી અરજી ધ્યાને લેવા પાત્ર રહેશે નહીં. સરકારશ્રીનાં નોટીફિકેશનની વિગતે ઉપરોક્ત કરવાની થતી કાર્યવાહી ૨૮/૩/૨૦૧૨ પહેલા વિકાસ થયેલ બાંધકામ માટે લાગુ પડેલ છે. જે ધ્યાને લઈ જે તે મિલ્કત ધારકે કાર્યવાહી કરવાની રહેશેહે. (નોટીફિકેશનની વિગતે તા. ૨૮/૩/૨૦૧૧ પછીના કોઈપણ પ્રકારના ગેરકાયદેસર / અનઅધિકૃત બાંધકામોને કોઈપણ પ્રકારનો લાભ મળવાપાત્ર ન હોઈ જે તે મિલ્કત ધારક તેમજ એપ્રુડ લાયસન્સ એન્જિનિયર દ્વારા અત્રેથી મંજુર થયેલ / થનાર પ્લાન મુજબ સ્થળ ઉપર બાંધકામ વિકાસ કરવાનો રહેશે. જે અંગેની તમામ જવાબદારી મિલ્કત ધારક તેમજ પ્લાનમાં સહી કરનાર એન્જિનિયરની રહેશે. જેની લાગુ પડતાં સર્વેએ નોંધ લેવી.

પ્રકાશ એચ. મિસ્ત્રી	સંદીપ ડી. પટેલ	દિલીપ પી. રાવળ	ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટ
એન્જિનિયર	મુખ્ય અધિકારી	ઉપપ્રમુખ	પ્રમુખ
પ્રાંતિજ નગરપાલિકા	પ્રાંતિજ નગરપાલિકા	પ્રાંતિજ નગરપાલિકા	પ્રાંતિજ નગરપાલિકા

રોટરી કલબ ઓફ પાલનપુર સીટીના નવા વર્ષના પદગ્રહણ સમારોહ સાંસદ મુકેશદાન ગઢવીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. નવા વર્ષના પ્રમુખ પદે પૂર્વ પાલિકા પ્રમુખ મહેશભાઈ અમૃતલાલ પટેલ તેમજ ઈનર વ્હીલ કલબ ઓફ પાલનપુર સીટીના પ્રમુખ પદે મનીષા મિસ્ત્રીની વરણી કરવામાં આવી હતી. આ સમારોહમાં જાણીતા દાતા શ્રેણીકભાઈ ચોકસી હાજર રહ્યા હતાં. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગોડ પાર્ટિકલ હિગ્ઝોબોઝોનિ વિશે મોડાસા કોલેજમાં વ્યખ્યાન

ગોડ પાર્ટિકલ અંગેના ભૌતિક શાસ્ત્રમાં થયેલા સંશોધન વિશે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં ઉત્સુકતા જોવા મળે છે. સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસા સાયન્સ સર્કલ, સમધારાના ઉપક્રમે ગોડ પાર્ટિકલ હિગ્ઝોબોઝોન અને આધુનિક ભૌતિકશાસ્ત્રના પ્રયોગ વિશે માહિતી આપતું વ્યાખ્યાન યોજાયું હતું. વક્તા તરીકે ડૉ. રાજેન્દ્રસિંહ પરમાર, અધ્યક્ષ, ભૌતિક શાસ્ત્ર દ્વારા વિષયને માહિતીસભર રીતે પાવર પોઈન્ટ વડે રજૂ કરેલ હતું. શ્રોતાઓને કણના વિજ્ઞાન અને બ્રહ્માંડ ઉત્પત્તિ વિશેની સમજ આપી હતી. આચાર્યશ્રી ડૉ. કિશોર પંડ્યાએ આવકારેલા હતા. સાયન્સ સર્કલના ડૉ. શૈલેશ પટેલ આભાર વિધિ કરી હતી. આયોજન ડૉ.એસ.વી પટેલ, ડૉ. એમ.એસ, કે.વી.શાહ, કે.એમ. પ્રજાપતિ, ડૉ. રાજેન્દ્રસિંહ પરમાર, ડૉ. જગદીશ પ્રજાપતિ, પ્રા. એચ.એ. પટેલ, વગેરે કરેલ હતું.

તલોદના તાજપુરથી ટ્રકની ચોરી

સાબરકાંઠા જિલ્લાના તલોદના તાજપુર ગામે ઘર આગળ મુકેલ ટ્રક રાત્રી દરમિયાન તસ્કરો ત્રાટકી ટ્રકની ચોરી કરી લઈ જતા તલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. તાજપુર ગામે રહેતા નલીનભાઈ કનૈયાભાઈ પુરોહિત એ પોતાની માલિકીનો ટ્રક નંબર-જીજે-૯ ઝેડ ૧૦૮૦ને ૧૪મી જુલાઈની સાંજે પોતાની ઘર આગળ મુકેલ હતો જે ટ્રકની રાત્રી દરમિયાન કોઈ ચોર ઈસમોએ ૬ લાખ રૂપિયાની ટ્રક ચોરી કરી લઈ ગયાનું નલીનભાઈને જાણ થતા તેમને તલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ગુજરાત સરકાર
નિયામકશ્રી ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી, ગાંધીનગર

સર્વિસ ટેક્સ રજીસ્ટ્રેશન તથા ઈન્કમટેક્ષ પાન ધરાવતી ટ્રાવેલ્સ એજન્સીઓ પાસેથી ગાંધીનગરની કચેરીના ઉપયોગ માટે માસિક ધોરણે ડીઝલ ડ્રીવન ફોર વ્હીલર એ.સી. તથા નોન એ.સી. બંધ બોડી ટાટા ઈન્ડીકા, ક્વાંલીસ, ઈનોવા, જાયલો, વાહનો માટે ડ્રાઈવર સહિતના ભાડાના સ્પર્ધાત્મક દર (ભાવ) નીચે સહી કરનારને તા. ૨૭/૭/૨૦૧૨ સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે બંધ કવરમાં નિયત ફોર્મમાં મંગાવવામાં આવે છે. આ માટેનું શરતો સહિતનું ફોર્મ કચેરી કામકાજના સમય દરમિયાન મળી શકશે.

સરનામું : નિયામકશ્રીની કચેરી, ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી ૫/૧, જીવરાજ મહેતા ભવન (તબીબી વિભાગ), ગાંધીનગર.

સહી/-
નિયામક,
ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી
માહિતી/૮૫૬/૧૨-૧૩ ગાંધીનગર.

જાહેર નિવિદા નં. ૫ (એસ.કે.) સને ૨૦૧૨-૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું કામ કરતી પાન નંબર / ટીન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી સંબંધિત કામના રજી.પો.એ.ડી. દ્વારા ભાવપત્રકો મંગાવવામાં આવે છે. દોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૨૩-૭-૨૦૧૨ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૩-૮-૨૦૧૨ સમય ૧૬.૦૦ કલાક સુધી ઉકત રજી.પો.એ.ડી.થી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

અ. નં.	કામનું નામ	(૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ (૩) સમય મર્યાદા
(૧)	કા.ઈ.શ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર ખાતે વર્ષ દરમિયાન કોમ્પ્યુટર ટાઈપ (જોબવર્ક / ઓનલાઈન) કામગીરી કરવા બાબતનું કામ (સ્થાનિક બજારમાં કામ કરતી એજન્સીઓ માટે)	(૧) રૂ. ૬૦૦/- (૨) રૂ. ૨૦૦૦/- (૩) ૧ વર્ષ

સહી/-
કાર્યપાલક ઈજનેર
માહિતી/૮૨૪/૧૨-૧૩ કાંસ વિભાગ, ગાંધીનગર

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન